જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૧૨/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૬૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૪૧૮/૧૮

**સરખેજઃ** મારૂફખાન ફતેખાન મલીક (ઉ.વ.૫૨) (રહે. અકબર ફલેટ એફ.ડી સ્કુલની બાજુમા રહેનુમા સોસાયટી સરખેજ રોડ જુહાપુરા) એ તા.૧૩/૧૨/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી તા.૧૪/૭/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાજેશ વેલજીભાઈ મોદી (રહે. જનક્પુરી એપાર્ટમેન્ટ નત્ય અંજલી સોસાયટી પાસે ગુરૂકુળ મેમનગર) એ સરખેજ મકરબા પોલીસ હેડ કવાર્ટર સામે આવેલ પટેલ ઈન ટ્રાવેલ્સ નામની કંપનીમાંથી રૂપિયા ૧,૦૩,૪૧,૬૩૮/- સહી કરેલ ચેક પોતાના ખાતામા જમા કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.ચૌધરી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૪૧૯/૧૮

**વસ્ત્રાપુરઃ** મંજુલાબહેન વા/ઓફ વિનોદભાઇ રત્નોતર (ઉ.વ.૫૫) (રહે. શેરી નંબર-૬ મહાત્મા ગાંધી પ્લોટ પારેવડી ચોક નીચે બેરડીપરા રાજકોટ) તા.૧૩/૧૨/૧૮ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે લાલદરવાજા જવા માટે થલતેજ મ્યુનીસીપલ ઓફીસ આગળથી શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં અગાઉથી ત્રણ પુરૂષો બેઠલ હતા. રિક્ષા ચાલક પાસે એક પુરૂષ બેઠેલ હતો તે પુરૂષ રિક્ષા ચાલકે સાઇ બાબના મંદીર આવતા રિક્ષામાં પાછળ મંજુલાબહેન જોડે સીટમાં બેસાડી દીધો હતો. દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ મંજુલાબહેનની નજર ચુકવી થેલામાંથી સોનાના દાગીના ભરેલો ડબ્બો ચોરી કરી લીધી હતી. ત્યારબાદ બીજા મુસાફરોને ઉતારી આવવાનુ કહી મંજુલાબહેનને ગુરૂકુલ ત્રણ રસ્તા નજીક ઉતારી ચારેય પુરૂષો રિક્ષા લઈ જતા રહ્યા હતા. ડબ્બામાં સોનાનો લોંગ સેટ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- હાથના બાજુ બંધ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- વીટી નંગ-૮ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અને ચાંદીનો ઝુડો કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩,૫૫,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ મંજુલાબહેને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.વાઘેલા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** ધીમંત ચંદ્રકાંત મહેતા (ઉ.વ.૫૧) (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ અતીથી હોટલની ગલીમા બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૧૮ કલાક ૧૧/00 થી કલાક ૧૨/30 વાગ્યા દરમ્યાન ધીમંત મહેતાના માતા ભાનુબહેન (ઉ.વ.૮૩) જજીસ બંગલા રોડ મધર ડેરીના ખાંચામા અતીથી ફ્લેટની ગલીમા સીમંધરસ્વામી જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવમાં ગયા હતા ત્યારે ભાનુબહેનના ગળામાંથી અજાણી વ્યક્તિએ સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,000/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રોહિતસિહ વિજયદેવસિહ ચલાવે છે.

**<u>લુટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૨૦/૧૮</u>**

**એરપોર્ટઃ** જગદીશભાઇ હસમુખભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૭) (રહે. સત્વ સારદા વિભાગ-૧ અંબાલાલ પાર્ક સામે નીકોલ રોડ નરોડા) તા.૧૩/૧૨/૧૮ કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે સરદારનગર કોતરપુર વળાંક નજીક ઉભા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષો જગદીશભાઈ પાસે આવી પાછળથી પકડી છરો બતાવી ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૮૧,૦૦૦/- , સોનાની વીંટી કિમત રૂપિયા ૮૦૦૦/- અને ડ્રાઇવીગ લાયસન્સ, આધારકાર્ડ, ક્રેડીટ કાર્ડ, બજાજનુ ઇ.એમ.આઇ કાર્ડ, બેન્ક ઓફ બરોડાનુ એ.ટી.એમ કાર્ડ અને રોકડ રૂપિયા ૪૦૦/- સાથેનુ પર્સ તેમજ મોટર સાયકલની ચાવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જગદીશભાઈ પ્રજાપતિએ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ જે.એસ.ચંપાવત ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૨૧/૧૮</u>**

**સાબરમતીઃ** સુશીલાબહેન વા/ઓ પ્રસન્નરાજ ભંડારી (ઉ.વ.૭૬) (રહે.ડ્રીમપ્લાઝા ફ્લેટ ગેવર કોમ્પલેક્ષ સર્કલ પાસે શાહીબાગ) તા.૧૨/૧૨/૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે હાઈવે પાર્ક સોસાયટી અર્બુદાગીરી સોસાયટી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુશીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુશીલાબહેન ભંડારીએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૨૨/૧૮</u>**

**માધવપુરાઃ** દિપકભાઇ નારાયણભાઇ સોમેશ્વર (ઉ.વ.૨૯) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) તા.૧૨/૧૨/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે દિપકભાઈ અને તેમના ભાણેજ રીંકુંજ રતીલાલ પરમાર (ઉ.વ.૨૦) (રહે.લક્ષ્મીનગર ફ્લેટ ઘોડા કેમ્પ શાહીબાગ) મોટર સાયકલ ઉપર બેસી કાલુપુર ચોખા બજાર મોઢેશ્વરી ટ્રેડર્સ નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હીલ પીકઅપ ગાડી નંબર જીજે ૧૮ એવી ૪૧૦૯ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા દિપકભાઈ સોમેશ્વર અને રીંકુંજ પરમારને ગંભીર ઈજાઓ થતા રીંકુંજ પરમારનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ દિપકભાઈ સોમેશ્વરે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.પઠાણ ચલાવે છે.

<u>**છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૪૨૩/૧૮**</u>

**આનંદનગરઃ** મનીષકુમાર શયમલાલ જયસ્વાલ (ઉ.વ.૨૦) (રહે. લેબર કોલોની મકરબા ફાટક પાસે મકરબા ગામ) તા.૧૩/૧૨/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ પ્રહલાદનગર કોર્પોરેટ રોડ રિવેરા-૧ બિલ્ડીંગ ખાતે છઠ્ઠા માળે પ્લમ્બરનુ કામ કરતા હતા ત્યારે પાલક ઉપરથી નીચે ઊતરતી વખતે પગ લપસી જતા નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તપન હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મનીષકુમારને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.